# વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં જીઈએસ ગ્લોબલ ઈકોનોમિક સમિટ

મુંબઈ | વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ૭મી જીઈએસ ગ્લોબલ ઈકોનોમિક સમિટનું આયોજન કરાયું હતું, જેમાં ફિનટેક ઉદ્યોગમાં સફળતામાં મુખ્ય પરિબળ તરીકે ગ્રાહકો અને ટેકનોલોજી વચ્ચે સુમેળ પર એયુ કોર્પોરેટ એન્ડ લીગલ એડવાઈઝરી સર્વિસીસના સંસ્થાપક અક્ષત ખેતાને ભાર મૂક્યો હતો. તેમણે આ ક્ષેત્રમાં પૂરતાં રોકાણો અને વૃદ્ધિને વાચા આપતાં સુચારુ નિયામક વાતાવરણની ભૂમિકા પણ આલેખિત કરી હતી. રાજ્યના ઉદ્યોગ મંત્રી ઉદય સામંતે બે દિવસીય સમિટનું ઉદઘાટન કર્યું હતું. ખેતાને આ સમયે ક્ષેત્રની સ્વર્ણિમતા અને વૃદ્ધિને ગતિ આપવા માટે મજબૂત નીતિમાં સુધારણાના મહત્ત્વ પર પણ ચર્ચા કરી હતી. સામંતે ઉદ્યોગોને સરકાર દ્વારા જરૂરી સર્વ સહાય કરવામાં આવશે એવી બાંયધરી આપવામાં આવી હતી. ઉદ્યોગના ખેલાડીઓએ નોંધપાત્ર પરિવર્તન લાવવા માટે એકત્રિત પ્રયાસ કરવા જોઈએ, એમ પણ તેમણે જણાવ્યું હતું.